## સંક્ષિપ્ત સમાચાર

### ખંભાત કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા દરિયાઇ કાંઠા પર માસ સફાઇ અભિયાન યોજાયું




**ખંભાત :** KTKSM સંચાલિત શ્રી આરપી આર્ટસ કે બી કોમર્સ અને શ્રીમતી બીસીજી સાયન્સ કોલેજના એનએસએસના વિદ્યાર્થીઓ દ્વારા 'સ્વભાવ સ્વચ્છતા સંસ્કાર સ્વચ્છતા' અંતર્ગત ખંભાત ના દરિયાઇ કાંઠા વિસ્તારમાં માસ સફાઇ અભિયાનનું 1 ઓક્ટોબર 2024 ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓ દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિકનું કચરો ભેગો કરવામાં આવ્યો અને તેનો યોગ્ય નિકાલ માટે હાકલ કરવામાં આવી અને દરિયાઇ કાઠે સફાઇ હાથ ધરી હતી. સમગ્ર પ્રોગ્રામનું આયોજન કોલેજના એનએસએસ વિભાગ તેમજ એમ.કોમ. વિભાગના સંયુક્ત ઉપક્રમે યોજાયું હતું જેમાં એમ.કોમ.વિભાગ ના અધ્યક્ષ ડો. હસન રાણા પણ હાજર રહ્યા હતા.આ પ્રસંગે સંસ્થાના સેક્રેટરી ડો. બંકિમચંદ્ર વ્યાસ અને પ્રિન્સિપાલ ડો. વી.જે. દ્વિવેદી દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

### પામોલ વિદ્યાધામની વિદ્યાર્થિનીએ ખો ખોમાં રાષ્ટ્રીય કક્ષાએ સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો



**બોરસદ :** ખેલો ઇન્ડિયા વેસ્ટ ઝોન વુમન લીગ ખો-ખો સબ જુનિયર બહેનો વિભાગમાં વડોદરા મુકામે યોજાઈ હતી. જેમાં બોરસદ તાલુકાના પામોલ ગામની પામોલ વિદ્યાધામની વિદ્યાર્થીની ઠાકોર દિશા વિઠ્ઠલભાઈ ગુજરાતની ટીમ તરફથી પોતાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રાષ્ટ્રીય કક્ષાએ સિલ્વર મેડલ પ્રાપ્ત કરી સંસ્થાનું,ગામનું તથા ગુજરાતનું નામ રોશન કરેલ છે.આ તબક્કે શાળા પરિવાર તથા પામોલ કેળવણી મંડળે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.પ્રમુખ સુરેશભાઈ પટેલે વિદ્યાર્થીનીને માર્ગદર્શક પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. શાળા કક્ષાના તેના પીટી કોચ કિશનભાઈ શર્માને પણ શાળા પરિવારે હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

### માનવ સેવા મંદિર વીરપુર ખાતે એક પેડ માઁ કે નામ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો



**વીરપુર :** એક પેડ માઁ કે નામ કાર્યક્રમ અંતર્ગત દેશના પ્રધાનમંત્રી ના 75 માં જન્મદિવસ નિમિતે એક સાથે 75 વૃક્ષનું વાવેતર કરી દરેક વૃક્ષના વ્યક્તિગત બાળક તેનું જતન અને ઉછેરની જવાદારી સાથે નાનું વૃક્ષ વટ વૃક્ષ બને તેવી સંભાળ રાખવાની જવાબદારી આપવામાં આવી આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ દશરથભાઈ બારીયા એ જીવનમાં વૃક્ષ નું મહત્વ આ કાર્યક્રમ કરવાની આવશ્યકતા ઉભી થઇ તેવા અનેક વિષયમાં પર પ્રેરક ઉદ્દબોધન કર્યું હતું તેમની સાથે ગુજરાત રાજ્ય મહિલા આયોગના પૂર્વ ચેરમેન લીલાબેન અંકોલીયા, મંયક જોશી, સીડબલ્યુસીના ચેરમેન, તાલુકા પંચાયત વિરપુર પ્રમુખ નીખિલભાઈ પટેલ, વિરપુર તાલુકા ભાજપ પ્રમુખ શનાભાઈ પરમાર, ઇલાબેન બારોટ વગેરે જોડાઇને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

### મોગરી જ્ઞાનયજ્ઞ વિદ્યાલય ખાતે વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું

**આણંદ :** સંતભગવંત સાહેબનાં કૃપાશિષ, પ્રેરણા અને માર્ગદર્શન મુજબ કાર્યરત અનુપમ મિશન સંચાલિત યોગી વિદ્યાપીઠની સંસ્કારસિંચન સાથે બાળકોનાં સર્વાંગી ઘડતર કરતી શાળા જ્ઞાનયજ્ઞ



વિદ્યાલયમાં ધોરણ 1થી 12નાં વિદ્યાર્થી ભાઈ-બહેનોએ પ્રજ્ઞાનતીર્થ-સર્વાંગી શિક્ષણ સંસ્થાન, મોગરી મુકામે તા. 30-09-2024ના રોજ સ્વચ્છતા અભિયાન હાથ ધરી સમગ્ર પરિસરની ખૂબ ઉત્સાહપૂર્વક સફાઇ કરી. વડાપ્રધાને સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છતાને રાષ્ટ્રીય અગ્રતા બનાવવા અને જનભાગીદારી થકી તેને હાંસલ કરવા માટે દેશવાસીઓને કરેલી હાકલ અંતર્ગત "સ્વચ્છતા-સ્વભાવથી સંસ્કાર સુધી" થીમને અનુસરી પ્રત્યેક વર્ગખંડો, અટલ લેબ, વિજ્ઞાન પ્રયોગશાળા, કેટરૂમ્સ, પ્રાર્થનાખંડ, સંગીત-નૃત્ય-ચિત્ર હોલની સાથે સાથે લોબીના બાંકડાઓ, લોખંડની ગ્રીલ, દીવાલો, ખુરશીઓ, ટેબલો તેમજ કબાટો આદિ ઉમંગઉલ્લાસથી ખૂબ સરસ રીતે સ્વચ્છ કર્યું હતું.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

#### મહુધાની પેટા સિંચાઈ વિભાગના કર્મીઓ દ્વારા સ્થળ તપાસ કરી રિપોર્ટ તૈયાર કરાયો

# ખંભાલી કેનાલમાં ગંદકી મામલે મીલને નોટિસ ફટકારી

**બે દિવસમાં** માઇનોર કેનાલ અને તેની આજુબાજુ સરકારી જગ્યામાંથી બનતી અને ગંદુ પાણી દૂર કરવા આદેશ



(પ્રતિનિધિ) નડિયાદ, તા. 1
મહેમદાબાદ તાલુકાના ખંભાલી ગામ રેલવે ફાટક પાસે એક પેપર મીલ ફેક્ટરી દ્વારા સરકારી માઈનોર કેનાલમાં ગંદકી અને ગંદુ પાણી ઠાલવવામાં આવી રહ્યું હતું. જે મામલો સામે આવ્યા બાદ હવે સિંચાઈ વિભાગ સફાળું જાગ્યું છે અને આ મામલે ફેક્ટરીને નોટિસ આપી બે દિવસમાં આ ગંદકી અને ગંદુ પાણી દૂર કરવા માટે સૂચન આપ્યું છે. તેમજ જો ફેક્ટરી દ્વારા સૂચનાનું પાલન ન કરાય તો તેની સામે ફોજદારી રાહે કાર્યવાહી કરવાની પણ ચીમકી ઉચ્ચારી છે.

મહેમદાવાદના ખંભાલી ગામ વરસોલાથી ખેડા કેમ્પ રોડ પર નારાયણ ક્રાફ્ટ પેપર મીલ એલએલપી નામની ફેક્ટરી આવેલી છે. આ ફેક્ટરી દ્વારા ખુમારવાડ વિશાખાની માઈનોર 26/આર કેનાલમાં કેમિકલ યુક્ત ગંદુ પાણી ઠાલવવામાં આવતું હતું. આ કંપની દ્વારા સરકારી જગ્યામાં ગેરકાયદેસર રીતે નાની કેનાલ બનાવી અને આ માઈનર કેનાલમાં ગેરકાયદે જોડાણ આપવામાં આવ્યું હતું. જેના થકી આ ગંદુ કેમિકલયુક્ત પાણી માઈનર કેનાલમાં ઠાલવવામાં આવતું હતું.

આ સિવાય માઈનોર કેનાલની આજુબાજુ સરકાર દ્વારા અધિકૃત કરવામાં આવેલી જગ્યામાં પણ કંપની દ્વારા ગંદકી ઠાલવવામાં આવતી હતી. આ સમગ્ર મામલો સિંચાઈ વિભાગના ધ્યાને આવતા મહુધા ખાતેની પેટા સિંચાઈ વિભાગના કર્મીઓ દ્વારા 29 સપ્ટેમ્બરના રોજ સ્થળ તપાસ કરવામાં આવી હતી અને એક રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો. જે બાદ સમગ્ર મામલે હવે સિંચાઈ પેટા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર દ્વારા નારાયણ ક્રાફ્ટ પેપરમીલ ફેક્ટરીને નોટિસ પાઠવવામાં આવી છે. જેમાં કંપની દ્વારા ઠાલવવામાં આવેલી ગંદકી અને કેમિકલ યુક્ત ગંદુ પાણી બે દિવસમાં સાફ કરી અને કેનાલને પૂર્વવત સ્થિતિમાં કરી આપવા માટે જાણ કરવામાં આવી છે.

જો કંપની બે દિવસમાં આ નોટિસનું પાલન ના કરે તો તેની સામે સરકારી જમીનને નુકસાન પહોંચાડવા બદલ નહેર અધિનિયમ એક્ટ મુજબ ફોજદારી કાર્યવાહી કરવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, આ માઈનોર કેનાલ થકી મહેમદાવાદ અને અન્ય તાલુકાઓના ગામડાઓના ખેડૂતોને સિંચાઈ માટે પાણી પૂરું પાડવાની વ્યવસ્થા કરવામાં આવે છે. ત્યારે આ પ્રકારે કેમિકલ યુક્ત પાણી ઠાલવવામાં આવે તો ખેડૂતોના પાકને ભારે નુકસાનની ભિંતી રહેલી હોય છે. તો આ તરફ ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડની નિષ્ક્રિયતા પણ ઉડીને આંખે વળગી રહી છે, ત્યારે જિલ્લાભરમાં આ પ્રકારે કંપનીઓ દ્વારા સરકારી નિયમોનું ઉલ્લંઘન કરી અને પ્રદૂષણ ફેલાઈ રહ્યું છે. જેથી પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા તાકીદે યોગ્ય કાર્યવાહી કરવામાં આવી તેવી માંગ પ્રબળ બની છે.

# બોચાસણ ટોલ નાકા પાસે સર્જાયેલા અકસ્માતમાં બાઈકચાલકનું મોત

(પ્રતિનિધિ) આણંદ, તા.1
બોરસદ તાલુકાના બોચાસણ ટોલ નાકા નજીક મંગળવારે સવારના સમયે બાઇક લઇ મજૂરીકામે જવા નીકળેલા યુવકને પાછળથી પુરઝડપે આવી ચડેલા કારના ચાલકે ટક્કર મારતાં બાઈક અને કાર આગળ ઊભેલી ટ્રકના પાછળના ભાગે ઘૂસી જતાં બાઈક ચાલક યુવકનું મોત નીપજ્યું હતું. બોરસદ રૂરલ પોલીસે કાર ચાલક વિરૂદ્ધ અકસ્માત મોતનો ગુનો નોંધીને કાર્યવાહી હાથ ધરી છે.





પેટલાદ તાલુકાના વડદલા ગામ સ્થિત તોરણીયા કૂઈ વિસ્તારમાં મહેન્દ્રભાઈ ચીમનભાઈ ઠાકોર રહેતાં હતાં. તેઓ છેલ્લાં ત્રણ વર્ષથી આણંદ ખેતીવાડીમાં મજૂરી કામ કરતાં હતાં. મંગળવારે વહેલી સવારે પોતાનું બાઈક લઈને પોતાના ઘરેથી આણંદ ખેતીવાડીમાં મજૂરી કામે આવવા માટે નીકળ્યાં હતાં. તે દરમિયાન, વહેલી સવારે સાડા છ વાગ્યાની આસપાસ તારાપુરથી વાસદ જતા હાઈવે સ્થિત બોચાસણ ટોલ નાકા નજીકથી તેઓ પસાર થતાં હતાં. તે સમયે પાછળથી પુર ઝડપે આવી ચઢેલી અમદાવાદ પાસીંગની કારે તેમને ટક્કર મારી હતી. જેને પગલે બાઇક ચાલક મહેન્દ્રભાઈએ સ્ટેયરીંગ પરનો કાબુ ગુમાવ્યો હતો અને બાઈક સાથે આગળ ઉભેલી ટ્રક પાછળ ધડાકાભેર અથડાયા હતાં. કાર પણ ટ્રક પાછળ ઘુસી ગઈ હતી. જેમાં તેમને શરીરે તેમજ માથામાં ગંભીર ઈજાઓ થતાં સ્થળ પર જ મોત નીપજ્યું હતું.

આ બનાવ અંગે મૃતકના ભાઈ ચંદુભાઈ ઠાકોરે બોરસદ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે કાર ચાલક વિરૂદ્ધ અકસ્માત મોતનો ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## વીરપુરમાં સતત ખોરવાતા વીજપૂરવઠાથી નગરજનો ત્રસ્ત

**સતત આઠ** કલાક બંધ રહેલા વીજ પુરવઠાથી લોકો પરેશાન

(પ્રતિનિધિ) વીરપુર, તા.1
મહિસાગર જીલ્લાના વિરપુર તાલુકામાં ભારે વરસાદની આગાહી તળે કુદરતી વિજળીનો નઝારો જોવા ન મળ્યો, પરંતુ વીરપુર એમજીવીસીએલ દ્વારા સતત વારંવાર વિજળી ઝબુકતી રહેવાના કારણે વિરપુર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં વિદ્યુત પાવરની અનિયમિતતા અને કલાકો સુધી ખોરવાતા લોકો હેરાનગતિ ભોગવી રહ્યા છે.

વીરપુર સ્થિત ફીડરનું મંગળવારના રોજ મેઈન્ટેનન્સ કામ કરવામા આવ્યું હતું. જેમાં સવારે 8 થી બપોરના 3 કલાક સુધી સતત આઠ કલાક પૂરવઠો બંધ રહેતા લોકો ગરમીમાં શેકાવા મજબૂર બન્યા હતા. વીજ કંપની દ્વારા મેઈન્ટેનન્સની કામગીરી ઉનાળા સીઝન દરમિયાન કરવાની હોય છે તેમ છતાં કંપની છાશવારે ચોમાસા દરમ્યાન જ મેઈન્ટેનન્સની કામગીરી આદરે છે. ઉપરાંત તાલુકામાં બે દિવસથી વરસાદે વિરામ લીધો છે જેને ભારે બફારો જોવા મળ્યો છે. આ બફારો વચ્ચે વીરપુર સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં મેઈન્ટેનન્સને લઈને વિજ કાપ કરાઇ રહ્યો છે. જેને લઈને વિજ કંપની સામે રોષ જોવા મળ્યો છે, ઉપરાંત સ્થાનિક લોકોના મુખે ચર્ચાઈ રહ્યું હતું કે ઉનાળા દરમિયાન વીજ કંપની દ્વારા કોઈપણ પ્રકારનુ મેઈન્ટેનન્સ કામ હાથ ધરાતું નથી અને વરસાદ ચાલુ થતાં જ મેઈન્ટેનન્સ હાથ ધરાય છે.

## આણંદ ખાતે સ્વચ્છ ભારત દિવસની ઉજવણી કરાશે

**સવારના 8-00 કલાકે** બોરસદ ચોકડીથી જીટોડીયા રોડ ઉપર મહા શ્રમદાન કાર્યક્રમ યોજાશે

(પ્રતિનિધિ) આણંદ,તા.1
પૂજ્ય મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ તા.2જી ઓક્ટોબરને સ્વચ્છ ભારત દિવસ તરીકે ઉજવવામાં આવનાર છે. આ કાર્યક્રમ અન્વયે આણંદ જિલ્લામાં યોજાનાર સ્વચ્છ ભારત દિવસની ઉજવણીમાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક રમણભાઈ સોલંકીની અધ્યક્ષતામાં કાર્યક્રમ યોજાશે.

સ્વચ્છ ભારત દિવસની ઉજવણીનો કાર્યક્રમ આજે તા. 2જી ઓક્ટોબરના રોજ સવારે 8-00 કલાકે બોરસદ ચોકડીથી જિટોડીયા રોડ ઉપર મહાશ્રમ દાન કાર્યક્રમ યોજાશે. જેમાં રમણભાઈ સોલંકી સહભાગી બનશે.

આ કાર્યક્રમ બાદ સવારના 9-15 કલાકે જિલ્લા પંચાયત, આણંદ ખાતેના મહીસાગર હોલમાં સ્વચ્છ ભારત દિવસ કાર્યક્રમ યોજાશે. જેમાં સ્વચ્છ ભારત મિશન -ગ્રામીણ અને સ્વચ્છ ભારત મિશન -શહેરી અંતર્ગત એવોર્ડ વિતરણ કાર્યક્રમ યોજાશે. ત્યારબાદ નવી દિલ્હી ખાતેથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આ કાર્યક્રમમાં વર્ચ્યુઅલ જોડાશે. આ કાર્યક્રમના અંતે સ્વચ્છ ભારત મિશન -ગ્રામીણ અંતર્ગત ઈ રીક્ષા ફ્લેગ ઓફ કરવામાં આવશે અને જિલ્લા પંચાયત કમ્પાઉન્ડ ખાતે મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવશે.

# બોરસદ શહેરમાં ત્રણ ગૌવંશની હત્યા કરનારા બે ઝડપાયા: એક ફરાર

**પોલીસે સ્થળ ઉપરથી** કતલ કરવાના સાધનો તેમજ વજનકાંટો વગેરે કબજે કર્યા

(પ્રતિનિધિ) આણંદ, તા.1
બોરસદ શહેર પોલીસે ગતરોજ મદિનાનગરની સામે આવેલા રોહિતવાસમાં છાપો મારીને બે ઈસમોને ત્રણ ગૌવંશની કતલ કરીને તેના માંસના ટુકડા કરતાં રંગેહાથે ઝડપી પાડયા હતાં. જ્યારે બે શખ્સો નાસી છૂટ્યા હતાં. પોલીસે સ્થળ ઉપરથી કતલ કરવાના સાધનો કુહાડી, છરો, છરી લોખંડનો અણીદાર સળીયો, વજન કાંટો, લાકડાનું ટીમલું,દોરડો, બે એકટીવા, એક મોબાઈલ તેમજ એક કપાયેલ હાલતમાં મળેલ ગૌવંશ નંગ



ત્રણ મળી કુલ રૂ.67,200ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરીને પાંચ ઈસમો વિરૂદ્ધ ગુનો નોંધીને ફરાર થઈ ગયેલાં ઈસમોને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

બોરસદના રોહિતવાસમાં રહેતાં આરીફ ઉર્ફે ગણપતી રહીમ કુરેશી અને સીમનાન ચોક, વણકરવાસમાં રહેતો મુનાક ઉર્ફે કાલુ ચામડો અબ્દુલરહેમાન કુરેશી પોતાના પર આગળ ગૌવંશનું કટીંગ કરી રહ્યાં છે. આ મળેલ માહિતીને આધારે પોલીસે છાપો મારતાં આરીફ ઉર્ફે ગણપતી પોતાના ઘર આગળ ઓસરીના ભાગે હાથમાં છરા સાથે ઝડપાઈ જવા પામ્યો હતો. જ્યારે ઈકબાલ ઊર્ફે ઈબલી સીકંદર કુરેશી નાસી ગયો હતો . પોલીસે તપાસ કરતા એક ગૌવંશ મૃત હાલતમાં કપાયેલું પડેલું મળી આવ્યું હતુ. નજીકમાંથી કોથળામાં ભરેલા માંસના ટુકડા પણ મળી આવ્યાં હતાં.

પોલીસે છરો, છરી, વજનકાંટો, લાકડાનું ટીમલુ, દોરડા, લોખંડનો અણીદાર સળિયો, કુહાડી, બે એક્ટીવા, એક મોબાઈલ તેમજ ત્રણ કપાયેલા ગૌવંશ સાથે કુલે ૬૭,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

બોરસદ શહેર પોલીસે આરીફ ઊર્ફે ગણપતી રહીમ કુરેશી, મુનાફ ઊર્ફે કાલુ ચામડો અબ્દુલરહેમાન કુરેશી, ઈકબાલ ઉર્ફે ઇબલી સીકંદર કુરેશી, મયુદ્દીન જીલાની કુરેશી તથા મોહસીન પઠાણ વિરૂદ્ધ પ્રાણીઓ સાચવણી અંગેનો અધિનિયમની જુદી જુદી કલમો અને પશુઓ પ્રત્યે કુરતા પ્રતિબંધ અધિનિયમની જુદી જુદી કલમો તથા બી.એન.એસ કલમ 325, 299 તથા 54 મુજબ ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે પકડાયેલા બન્નેની પુછપરછ કરતાં ગૌવંશ તેઓ વાસણા ગામની મોટી નહેર ઉપર રહેતાં મોહસીનખાન પઠાણ પાસેથી લાવ્યા હતાં અને કટીંગ કરીને તેનું માંસ વેચવાના હોવાની કબુલાત કરી હતી.

## પેટલાદ ખાતે વ્યાજખોરીથી પીડાતા નાગરિકો માટે સેમિનાર

(પ્રતિનિધિ) આણંદ, તા.1
એન. કે. હાઈસ્કૂલ પેટલાદ ખાતે વ્યાજ ખોરી બાબતે અને વિવિધ બેન્કોનાં તથા નગર પાલિકા/ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર વિ.દ્વારા સરળ વ્યાજથી મળતી લોન અને અન્ય સહાય બાબત પેટલાદ ડિવિઝનના સાત પોલીસ સ્ટેશનના નાગરિકોને માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં પેટલાદ ડિવિઝનનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારનાં અરજદારો અને લાભાર્થીઓ સેમિનારમાં હાજર રહ્યાં હતાં. જેમાં વ્યાજખોરીથી પીડાતા લોકો એ આ સેમિનારમાં રજૂઆત પણ કરી હતી. જે બાબતે પેટલાદ નાયબ પોલીસ અધિક્ષક દ્વારા જેતે પોલીસ સ્ટેશન ઇન્ચાર્જ ને સૂચિત કરવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમમાં લીડ બેંકના હેડ અને બીજી અનેક બેંકના અધિકારી એ લોકોને નાણાંકિય સહાય બાબતે માર્ગદર્શન અપાયું આવ્યું હતું.

# આણંદ કૃષિ યુનિ .દ્વારા ફૂડ અને એગ્રિબિઝનેસ એક્સિલેરેટરનું આયોજન

(પ્રતિનિધિ) આણંદ,તા.1
આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે, એઆઈસી આણંદ ફાઉન્ડેશન અને એ-આઇડિયા,આઈસીએઆર-નેશનલ એકેડમી ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ મેનેજમેન્ટ, હૈદરાબાદના સંયુક્ત ઉપક્રમે 'સ્ટાર્ટઅપ હન્ટ ફોર એગ્રી ઉડાન'-ફૂડ અને એગ્રિબિઝનેસ એક્સિલેરેટરનું સફળ આયોજન ડૉ. કે. બી. કથીરીયા કુલપતિ, આકૃયુ, આણંદના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામનો મુખ્ય ઉદેશ્ય ફૂડ અને એગ્રિબિઝનેસ ક્ષેત્રના સ્કેલ-અપ સ્ટેજના સ્ટાર્ટઅપ્સ માટે જરૂરી માર્ગદર્શન, નેટવર્કિંગ અને રોકાણની તકો પુરી પાડવાનો હતો.



આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ અને કાર્યક્રમના અધ્યક્ષ ડૉ. કે.બી. કથિરિયાએ 'માઈન્ડ ટુ માર્કેટ'ની મહત્વતા સમજાવી, ખેડૂત કલ્યાણ માટે ઉદ્યોગ સાહસિકોની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો હતો અને જણાવ્યું હતું કે એ ઉદ્યોગસાહસિકોએ ખેડૂતોના પ્રશ્નોના ઉકેલ માટે નવીન તકનીકના ઉપયોગથી સમાધાન શોધવાની દિશામાં આગળ વધે તો બિઝનેસનો ઝડપી વિકાસ શક્ય છે.

આ કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. સમિત દત્તા, ડીન, એફપીટી એન્ડ બીઈ કોલેજ દ્વારા સૌને આવકારી આ કાર્યક્રમનો હેતુ જણાવેલ. એ-આઇડિયા, આઈસીએઆર-નાર્મનું પ્રતિનિધિત્વ કરતા ડૉ. એન.એ.વિજય અવિનાશિલિંગમે એગ્રી ઉડાન 7.0 પ્રોગ્રામ વિશે સર્વને વિસ્તૃત જાણકારી આપી અને જણાવ્યું કે આ પ્રોગ્રામ થકી સ્ટાર્ટઅપ્સ, તેમના બિઝનેસ ને ઝડપથી આગળ વધારવા માટે જરૂરી માર્ગદર્શન અને મૂડી રોકાણ મેળવી શકે છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ડેપ્યુટી જનરલ મેનેજર ગંગીશેટ્ટી વિજય કુમારે, બેન્ક દ્વારા સ્ટાર્ટઅપ્સ માટે તૈયાર કરાયેલ નાણાકીય સેવાઓ વિશે માહિતી આપી કૃષિ વ્યવસાય ઈકોસિસ્ટમના વિકાસને પ્રોત્સાહન આપવામાં નાણાકીય સંસ્થાઓની ભૂમિકા પર વાત કરી હતી.

ઇન્સ્ટિટ્યૂટ ઓફ રૂરલ મેનેજમેન્ટ આણંદ (IRMA) ના ડાયરેક્ટર ડૉ. ઉમાકાંત દાસે, આ પ્રોગ્રામ ના મુખ્ય અતિથિ તરીકે પોતાના વક્તવ્યમાં કૃષિ ઉદ્યોગ સાહસિકોને તેમના સ્ટાર્ટઅપને વૈશ્વિક સ્તરના સાહસોમાં પરિવર્તિત કરવા માટે પ્રેરિત કર્યા હતા. ડૉ. એમ. કે. ઝાલા, સંશોધન નિયામકએ કૃષિ અને ફૂડ બિઝનેસ ક્ષેત્રમાં નવીનતા લાવવાના મહત્વ પર ભાર મૂકી એઆઈસી આણંદ ફાઉન્ડેશનના વિવિધ કાર્યક્રમો અને સ્ટાર્ટઅપના વિકાસલક્ષી પ્રવૃતિઓ વિષે જણાવ્યું હતું, ઔષધીય અને સુગંધિત છોડ સંશોધન કેન્દ્ર, બોરિયાવીના ડાયરેક્ટર ડૉ. મનીષ દાસે, આઈસીએઆર અને આકૃયુ જેવી સંશોધન સંસ્થાઓ દ્વારા વિકસિત ઈન્ક્યુબેશન સુવિધાઓ અને તકનીકોનો લાભ લેવા જણાવ્યું હતું.

**શ્રી આઇ.પી.પઠાણ, મામલતદાર સંતરામપુર એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટમાં**
નં.જન્મ-મરણ/અપીલ કેસ નં.૫/૨૦૨૪
**અરજદાર :** સેલોત વિરસીંગભાઇ જેઠાભાઇ
મુ. સરસ્વા (૫), તા.સંતરામપુર, જી.મહીસાગર
વિરૂધ્ધ
**સામાવાળા :** તલાટી કમ મંત્રી શ્રી, ગ્રામ પંચાયત સરસવા (૫)

**જાહેર નોટીસ**

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઇસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,
ઉપરોક્ત અરજદારે તેમના દાદા નામે સેલોત અખમભાઇ ભુરાભાઇ મરણ તા.20/10/2020 ના રોજ મુ. સરસ્વા (૫), તા.સંતરામપુર, જી.મહીસાગર મુકામે થયેલ હતુ. તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારે નામે- સેલોત અખમભાઇ ભુરાભાઇ ના મરણની નોંધ સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે કરવાની રહી ગયેલ હોઇ, સામાવાળાને રજીસ્ટરે મરણની નોંધણી કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે.
વાસ્તે સદરહુ અરજદારની અરજી સામે, જે કોઈ લાગતાં વળગતા ઇસમોને વાંધો-તકરાર હોય તો તેમણે આ કોર્ટની સમક્ષ તારીખ.08/10/2024 ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે લેખીતમાં પોતાના વાંધા- તકરાર રજુ કરવા. જો તેમ કરવામાં કસુર કરશો તો આ કોર્ટ સદર અરજી અંગે કાયદેસરની આગળની કાર્યવાહી કરશે,જેની નોંધ લેશો.
આજ તારીખ. 25/09/2024 ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
(આઇ.પી.પઠાણ)
મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
સંતરામપુર-મહિસાગર